GJGS020043172025

દાખલ તારીખઃ–૧૫/૧૧/૨૦૨૫
રજીસ્ટર તારીખઃ–૧૫/૧૧/૨૦૨૫
ફેસલ તારીખઃ–૦૪/૦૮/૨૦૨૬
સમયગાળોઃ–**વર્ષ,** માસ**, દિવસ**
**૦૦–૦૮–૨૧**

सत्यमेव जयते

=================================================

**વેરાવળના એડીશ્નલ સિનિયર સિવિલ જજ સાહેબની કોર્ટમાં,**
**મુ. વેરાવળ, જિ. ગીર–સોમનાથ.**

=================================================

**રે. દિ. મુ. નં.૨૮૦/૨૦૨૫**
**આંક :– 27**

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લીમીટેડ,
સબ ડીવીઝન વેરાવળ, નાયબ ઈજનેરશ્રી,
મુ.વેરાવળ, જી.ગીર સોમનાથ **.... વાદી**

**–:: વિરૂધ્ધ ::–**

હાસમ ઓસમાણ રાડીયા,
ઉ. વ. આ. પુખ્ત, ધંધો : મજુરી,
ઠે. જાલેશ્વર વિસ્તાર, મસ્તાના પાન પાછળ, ટીસી પાસે, વેરાવળ
તા.વેરાવળ, જી. ગીર સોમનાથ. **.... પ્રતિવાદી**

**દાવો :–** **સી.પી.સી કલમ – ૯,૨૬ મુજબ વાદીની પ્રતિવાદી પાસે બાકી નિકળતી લેણી રકમ રૂા. ૨૮,૦૩૯.૧૨ પૈસા વસુલ મેળવવા બાબત**
**કોર્ટ ફી રૂ. ૨૧૨૫.૦૦/–**

---

| | |
|---|---|
| વાદી તરફે | : વિ.વકીલશ્રી એ.એમ.ગોસ્વામી |
| પ્રતિવાદી તરફે | : એકતરફી |

---

**-:: ઠરાવ ::-**

**(૧)** આ કામે વાદીના દાવાની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામનાં વાદી કંપની વિજ વિતરણને લગતુ કામ કાજ કરે છે. વાદી કંપનીની કોરપોરેટ ઓફીસ રાજકોટ મુકામે આવેલ છે અને તેના કાર્યક્ષેત્રાધિકાર હેઠળ ડીવીઝન ઓફીસ વેરાવળ મુકામે આવેલ છે અને વેરાવળ ડીવીઝન ઓફીસ હેઠળ વેરાવળ સબ ડીવીઝન ઓફીસ વેરાવળ આવેલ છે, જેનાં નાયબ ઈજનેરને હાલની દાવા અરજીમાં સહી, એકરાર કરવા સોગંદનામું કરવા, જુબાની આપવા તથા તેને આનુસંગિક તમામ કાર્યવાહીઓ કરવા કાયદેસરના અધિકારો આપવામાં આવેલ છે. આ કામ પ્રતિવાદીએ વાદી કંપનીને વિજ જોડાણ મેળવવા માટે નિયત નમુનામાં અરજી કરતા તેનાં અનુસંધાને પ્રતિવાદીને તેમની માંગણી મુજબનું આર.જી.પી.યુ. કેટેગરીનું વિજ જોડાણ ગ્રાહક નં. ૮૧૧૦૫/૦૪૪૫/૯ થી આપવામાં આવેલ અને તે રીતે વાદી કંપનીનાં પ્રતિવાદી કાયદેસરના ગ્રાહક બનેલા. ત્યારબાદ તા.૦૯/૦૯/૨૦૨૪ નાં રોજ સદર પ્રતિવાદીનું વિજ મીટર ચેકીંગ કરતા પ્રતિવાદી દ્વારા વિજ મીટરમાં ચેડા કરી પાવરચોરી કરતા માલુમ પડેલ. જેથી વીજ મીટરની તા.૨૦/૦૯/૨૦૨૪ નાં રોજ લેબમાં તપાસણી કરતા પ્રતિવાદી ગેરકાયદેસર રીતે વીજ મીટરમાં ચેડા કરી પાવરચોરી કરતા હોવાનું જણાય આવે છે.

**(૧.૧)** આ કામના પ્રતિવાદી વાદી કંપની તરફથી વીજ જોડાણ આપ્યા બાદ વાદીના લેજર ઉપર પ્રતિવાદી ના નામનું ખાતુ ખોલવામાં આવેલ અને પ્રતિવાદીને વીજ વપરાશના બીલો નિયમિત રીતે આપવામાં આવેલ પરંતુ પ્રતિવાદીએ વીજ વપરાશની બીલની રકમ નિયમિત રીતે વાદીને વસુલ નહી આપતા પ્રતિવાદી ખાતાની વાદીના લેજરમાં એન્ટ્રી થયા મુજબની દાવા વાળી રકમ પ્રતિવાદી ઉપર વાદીની ચડત થવા પામેલ છે. વાદી કંપનીની લેણી રકમ પ્રતિવાદી ભરપાઈ કરવામાં કસુર કરે તો તેવા કિસ્સામાં નિયમ

મુજબ વાદી કંપની પ્રતિવાદી પાસેથી ડીલે પેમેન્ટ ચાર્જીસ વસુલ મેળવવા કાયદેસર હકકદાર બને છે.

પ્રતિવાદી પાસે વાદીનું નીચે મુજબ લેણુ બાકી રહે છે.

| | |
|---|---|
| રૂા. ૧૦,૬૭૦.૬૦/- | એરીયસ બીલ(પાવરચોરી), |
| રૂા. ૧,૫૦૦.૦૦/- | લીગલ નોટીસ ચાર્જીસ, |
| રૂા. ૯,૬૨૪.૦૭/- | એનર્જી ચાર્જીસ, |
| રૂા. ૧,૬૦૦.૫૯/- | ઈલેક્ટ્રીકટ ચાર્જીસ, |
| રૂા. ૪,૬૪૩.૧૬/- | ડી. પી. સી.જલાઈ-૨૦૨૫ સુધીનાં, |
| રૂા. ૨૮,૦૩૯.૧૨/- | પૈસા કુલ બાકી લેણા, |

**(૧.૩)** વાદીની પ્રતિવાદી પાસે લેણી નિકળતી રકમ વસુલ આપી જવા માટે પ્રતિવાદીને વાદીના વકીલ શ્રી એ. એમ. ગોસ્વામી મારફત તારીખ : ૨૧/૦૫/૨૦૨૫ નાં રોજ નોટીસ આપવા છતાં પ્રતિવાદીએ વાદીની લેણી નિકળતી રકમ વસુલ આપવા કોઈ કાળજી કે દરકાર ન બતાવતાં પ્રતિવાદી સામે હાલનો દાવો લાવવાની વાદી કંપનીને ફરજ પડેલ છે. દાવા વાળો સઘળો વ્યવહાર આપ નામ. અદાલતની હકુમત વાળા વિસ્તારમાં વેરાવળ મુકામે થયેલ છે. પ્રતિવાદીને વિજ વપરાશના બીલો વેરાવળ મુકામે આપવામાં આવેલ છે. પ્રતિવાદી દાવાવાળી રકમ વાદી કંપનીને વેરાવળ મુકામે વસુલ આપવા જવાબદાર હોઈ, હાલનો દાવો ચલાવવા તથા સાંભળવા આપ નામદાર અદાલતને હકુમત તથા અધિકાર છે. આ દાવાનું કારણ પ્રતિવાદીને આપવામાં આવેલ વીજ વપરાશના બીલોનાં નાણાં પ્રતિવાદીએ સમયસર વાદીને ન ચુકવતાં તે અરસામાં અને આખરે વાદીના વકીલ મારફત આપવામાં આવેલ તા.૨૧/૦૫/૨૦૨૫ ની નોટીસના અરસામાં આપ નામદાર કોર્ટની હકુમતમાં ઉત્પન્ન થયેલ છે અને તેથી આ દાવો ચલાવવા તથા સાંભળવા આપ નામ. કોર્ટને હકુમત તથા અધિકાર છે. આ દાવાના આધારમાં સી.પી.સી. ઓર્ડર-૧૪, રૂલ-(૧) (૨) મુજબના દસ્તાવેજો-દસ્તાવેજી પુરાવા લીસ્ટ સાથે રજુ રાખેલ છે, વિષેશ દસ્તાવેજો રજુ કરવાનો અમારો હકક રાખીએ છીએ. આ દાવાનો હકુમત તથા કોર્ટ ફી

માટેનો આંક **<u>રૂા. ૨૮,૦૩૯, ૧૨</u>** પૈસાનો બાંધેલ છે. જે ઉપર ધોરણસર કોર્ટ ફી **<u>રૂા. ૨૧૨૫/–</u>** રજુ છે, જે હકીકતોએ આ દાવો ચલાવવા આપ નામ. અદાલતને દરેક રીતે હકુમત છે.

**(૧.૪)** ઉપરોકત તમામ હકીકતો અને વિગતોએ હાલનો આ દાવો લાવી દાદ માંગવાની કે,:–

(અ) આ કામના પ્રતિવાદી દાવાવાળી રકમ **<u>રૂા.૨૮,૦૩૯, ૧૨ પૈસા અંકે રૂપિયા અઠયાવીસ હજાર ઓગણચાલીસ અને બાર પૈસા</u>** તથા તેના ઉપર **<u>તા. ૨૧/૦૫/૨૦૨૫</u>** થી સદરહું રકમ વસુલ થતાં સુધી ૧૮% લેખે ડીલ પેમેન્ટ ચાર્જિસ તથા આ દાવાના તમામ અદાલતી ખર્ચ સહીત પ્રતિવાદીની જાત તથા તેની તમામ પ્રકારની સ્થાવર–જંગમ મિલ્કત ઉપરથી વાદી કંપનીને વસુલ અપાવવા હુકમનામું વાદી કંપનીની તરફેણમાં કરી આપવા અરજ છે.

(બ) કાયદા અને પુરાવાના આધારે મળતી અને અપાવી શકતી તમામ દાદ અપાવવા અરજ છે.

**(૨)** આ દાવાના કામે પ્રતિવાદીને સમન્સની બજવણી થઇ ગયા બાદ પ્રતિવાદી સામે તા.૧૩/૦૪/૨૦૨૬ ના રોજ પ્રતિવાદીના પુરાવાનો હકક બંધ કરવાનો આદેશ કરવામાં આવેલ અને હાલનો દાવો એકતરફી ચલાવવાનો હુકમ થયેલ છે.

**(૩)** આ દાવાના કામે પક્ષકારોના પક્ષ નિવેદન ધ્યાને લઈ આ દાવાના આખરી નિર્ણય માટે આંક–૦૭ થી નીચે મુજબના મુદ્દાઓ ઘડેલા છે.

**<u>–:: મુદ્દાઓ ::–</u>**

(૧) શું વાદી સાબીત કરે છે કે, પ્રતિવાદીએ પાવર ચોરી કરેલી?

(૨) શું વાદી પુરવાર કરે છે કે, વાદી પ્રતિવાદી પાસેથી પાવરચોરી બીલની રકમ તથા ડી.પી.સી.ની રકમ મળી કુલ રૂપીયા ૨૮,૦૩૯.૧૨/– પૈસા બાકી લેણા તરીકે વસુલ મેળવવા હકકદાર છે?

(૩) શું વાદી દાવા અરજીમાં માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે?

(૪) શું હુકમ અને હુકમનામું ?

**(૪)** ઉપરોકત મુદ્દાઓ પરના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) "હકારમાં",

(૨) "હકારમાં",

(૩) "અંશતઃ હકારમાં",

(૪) આખરી હુકમ મુજબ.

**(૫)** આ કામે વાદી તરફે પોતાના દાવાના સમર્થનમાં નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજૂ કરેલ છે.

**(અ)** **મૌખિક પુરાવો ::–**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧. | સાહેદ દીલાવરસિંહ દાનાભાઈ ડોડીયાનું સરતપાસનું સોગંદનામુ | ૦૯ |

**(બ)** **દસ્તાવેજી પુરાવો ::–**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧. | ઓફીસ ઓર્ડર અસલ. | ૧૧ |
| ૨. | પરફોમા–૧૨ અસલ. | ૧૨ |
| ૩. | કેસ હિસ્ટ્રી અસલ. | ૧૩ |
| ૪. | કેલ્કયુલેશન ઓફ ડીલે પેમેન્ટ ચાર્જીસ અસલ. | ૧૪ |
| ૫. | Delay Payment Interest Calculation Sheet | ૧૫ |
| ૬. | Consumer Personal Ledger. | ૧૬ |
| ૭. | ગ્રાહકની વિગતનો પત્ર અસલ. | ૧૭ |
| ૮. | લીગલ નોટીશ સ્થળપ્રત . | ૧૮ |
| ૯. | કામ ચલાઉ આકારણી બીલ અસલ. | ૧૯ |
| ૧૦. | Paschim Gujarat Vij Company Ltd અસલ. | ૨૦ |
| ૧૧. | ચેકીંગ રીપોર્ટ અસલ. | ૨૧ |

| | | |
|---|---|---|
| ૧૨. | વિજ વપરાશની વિગતનો પત્ર અસલ. | ૨૨ |
| ૧૩. | મીટરની ચકાસણીનો રીપોર્ટ (એક તરફી) અસ. | ૨૩ |
| ૧૪. | મીટર રિપ્લેમેન્ટ રોજકામ અસલ. | ૨૪ |

ત્યારબાદ વાદી તરફે આંક–૨ થી કલોજીંગ પુરસીસ રજૂ કરી પુરાવો પુરો થયાનું જાહેર કરેલ છે.

**–:: કારણો ::–**

**મુદ્દા નં. ૧ અને ૨ ની સંયુકત ચર્ચા ::–૫**

આ કામે મુદ્દા નં.૧ અને ૨ એકબીજા સાથે સંકળાયેલા હોય જેથી પુનરાવર્તન ટાળવાના હેતુસર તમામ મુદ્દાઓની ચર્ચા સંયુકત કરવામાં આવેલ છે.

**(૬)** આ કામે વાદી કંપની તરફે પોતાના દાવાના સમર્થનમાં વાદી કંપનીના સાહેદ દીલાવરસિંહ દાનાભાઇ ડોડીયાનું આંક–૦૯ થી સરતપાસનું સોગંદનામું રજૂ કરેલ છે. જેમાં તેઓએ દાવા અરજી મુજબ અક્ષરશ: હકીકત જણાવેલ હોય તેથી તેનું પુનરાવર્તન કરવાની જરૂર જણાતી નથી. વાદી સાહેદે તેના મૌખિક પુરાવાના સમર્થનમાં આંક–૧૧ થી ૨૪ સુધીના દસ્તાવેજી પુરાવા રજૂ કરેલ છે. વાદી સાહેદે આપેલ ઉપરોકત પુરાવાને પ્રતિવાદી દ્વારા ચેલેન્જ કરવામાં આવેલ નથી કે વાદી સાહેદે આપેલ પુરાવા વિરૂધ્ધ અનુમાન કરી શકાય તેવો કોઇપણ પુરાવો રજૂ કરેલ નથી. તે સંજોગોમાં વાદી કંપનીના સાહેદે આપેલ પુરાવાને ન માનવાને કોઇ કારણ નથી.

**(૬.૧)** આ કામે ઉપસ્થિત મુદ્દાઓના સમર્થનમાં વાદી કંપનીના સાહેદે સરતપાસ ના સોગંદનામા થી આપેલ જુબાની તથા રજૂ કરેલ દસ્તાવેજી પુરાવાનું મુલ્યાંકન કરીએ તો, આ કામ પ્રતિવાદીએ વાદી કંપનીને વિજ જોડાણ મેળવવા માટે નિયત નમુનામાં અરજી કરતા તેનાં અનુસંધાને પ્રતિવાદીને તેમની માંગણી મુજબનું **આર.જી.પી.યુ.** કેટેગરીનું વિજ જોડાણ **ગ્રાહક નં. ૮૧૧૦૫/૦૪૪૪૫/૯** થી આપવામાં આવેલ અને તે રીતે વાદી કંપનીના પ્રતિવાદી કાયદેસરના ગ્રાહક બનેલા. ત્યારબાદ તા.

૦૯/૦૯/૨૦૨૪ નાં રોજ સદર પ્રતિવાદીનું વિજ મીટર ચેકીંગ કરતા પ્રતિવાદી દ્વારા વિજ મીટરમાં ચેડા કરી પાવરચોરી કરતા માલુમ પડેલ. જેથી વીજ મીટરની તા. ૨૦/૦૯/૨૦૨૪નાં રોજ લેબમાં તપાસણી કરતા પ્રતિવાદી ગેરકાયદેસર રીતે વીજ મીટરમાં ચેડા કરી પાવરચોરી કરતા હોવાનું જણાય આવે છે. ચેકીંગ સમયે કુલ વીજભાર ૫૩૯૩ કિ.વોટનો હોવાનું આંક-૨૧ વાળા ચેકીંગ રીપોર્ટમાં છે. જેના પરથી પ્રતિવાદી તેઓના મકાને વીજ અધિકારીઓના ચેકીંગ દરમીયાન વીજચોરી કરતા પકડાયેલ હોવાનું પુરવાર થાય છે.તે સંજોગોમાં **મુદ્દા નં. ૧** નો જવાબ ''**હકારમાં**'' ઠરાવું છું. આ ઉપરાંત પ્રતિવાદી વીજ ચોરી કરતા હોય જેથી આંક-૨૧ વાળા ચેકીંગ રીપોર્ટ તૈયાર કરવામાં આવેલ અને આંક-૨૦ થી સપ્લીમેન્ટરી બીલ તૈયાર કરવામાં આવેલ અને આંક-૧૮ થી પ્રતિવાદીને વાદી કંપનીના વિજ ચોરીના વપરાશની બાકી લેણી રકમ માટે નોટીસ આપવામાં આવેલ છે. આમ વાદી તરફે રજૂ થયેલ ઉપરોકત દસ્તાવેજી પુરાવો વાદીના દાવાને તથા વાદી સાહેદે આપેલ જુબાનીને સ્પષ્ટપણે સમર્થન કરે છે અને તે મુજબ વાદી કંપનીના પ્રતિવાદી પાસે વીજ ચોરીના બાકી લેણાના બીલના રૂા.૨૧,૮૯૫.૯૬ પૈ. બાકી લેણાં નીકળતા હોવાનું ફલિત થાય છે. વાદી કંપની દ્વારા પ્રતિવાદી પાસે સદર રકમની ઉઘરાણી કરવા છતાં પ્રતિવાદીએ વાદીની બાકી રકમ વસુલ ન આપતા વાદી કંપનીએ તેઓના વકીલશ્રી મારફત પ્રતિવાદીને નોટીસ આપવા છતાં પણ પ્રતિવાદી દ્વારા સદર પાવરચોરીના બીલના જવાબ ની રકમ વસૂલ આપવા કોઇ દરકાર કરેલ નથી જેથી વાદી કંપનીની સદર રકમ પ્રતિવાદી પાસે બાકી રહેલ છે તે રકમ ભરપાઇ કરવામાં પ્રતિવાદીએ કસુર કરેલ હોય વાદી **મુદ્દા નં. ૨** પુરવાર કરવામાં સફળ રહેલ હોય **મુદ્દા નં. ૨** નો જવાબ '' **હકારમાં**'' ઠરાવું છું. આ ઉપરાંત આ કામે વાદી કંપની તરફથી વીજ ચોરીના બીલની રકમ ઉપરાંત રૂા.૪,૬૪૩.૧૬ પૈ. ડી.પી.સી. જુલાઇ-૨૦૨૫ સુધીનું માગણી કરેલ છે અને જે અંગે આંક-૧૪ થી કેલ્કયુલેશન શીટ ડીલે પેમેન્ટ ની અસલ રજૂ થયેલ છે જેથી વાદી ડી.પી.સી.ની રકમ મેળવવા હકકદાર હોવાનું જણાય છે. તેમજ વાદી કંપની તરફની પ્રતિવાદીને લીગલ નોટીસ આપવામાં જે નોટીસ પ્રતિવાદીને બજી ગયેલ હોય જેથી વાદી લીગલ નોટીસ ચાર્જની રકમ મેળવવા પણ હકકદાર હોવાનું જણાય છે. વાદીએ

દાવાવાળી રકમ રૂા. ૨૮,૦૩૯.૧૨ પૈ. દાવો દાખલ તારીખ રકમ વસુલ થતા સુધી ડીલે પેમેન્ટ ચાર્જીસ તથા આ દાવાનું તમામ અદાલતી ખર્ચ સાથે તેમની જાત ઉપરથી તેમજ તેમની દરેક પ્રકારની સ્થાવર મિલકત ઉપરથી વાદી કંપનીને વસુલ અપાવવા અરજ કરેલ છે, પરંતુ દાવાનું રેકર્ડ જોતાં જણાય છે કે, વાદી કંપની દ્વારા પ્રતિવાદીનું ગેરકાયદેસરનું વીજ કનેકશન કાપી નાખવામાં આવેલ છે. તેમજ વાદી કંપની જયારે ગેરકાયદેસરનું વીજ કનેકશન કાપી નાખેલ હોય ત્યારે વાદી ગ્રાહક પાસેથી ડીલે પેમેન્ટ ચાર્જીસ વસૂલી શકે તેવો કોઈ સ્પષ્ટ પુરાવો વાદી તરફે રજૂ થયેલ નથી, પરંતુ વાદી કંપની જાહેર જનતા વિશાળ હિતમાં કામ કરતી સંસ્થા હોય, દિવાની કાર્યરીતી સંહિતા–૧૯૦૮ ની કલમ–૩૪ મુજબ દાવા તારીખથી રકમ વસુલ થતાં સુધી વાર્ષિક ૦૬% ના સાદા વ્યાજ સંબંધે હુકમ કરવો ન્યાયોચિત જણાય છે. જેથી **મુદા નંબર ૩** નો જવાબ **અંશત:હકારમાં** આપવામા આવે છે. આ ઉપરાંત આ કામે વાદી પોતાનો દાવો પુરવાર કરવામાં સફળ રહેલ હોય અને આ કામે પ્રતિવાદી તરફે વાદીના પુરાવાને પડકારેલ ન હોય કે કોઈ મૌખીક કે દસ્તાવેજી પુરાવો રજુ કરેલ ન હોય જેથી વાદી તરફે રજૂ થયેલ નો જવાબ પુરાવો નહીં માનવાને કોઈ કારણ જણાતું ન હોય તે સંજોગોમાં **મુદ્દા નં. ૪** નો પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>–:: આખરી હુકમ ::–</u>**

- આથી વાદીનો દાવો અંશત: મંજૂર કરવામાં આવે છે.
- આ કામના પ્રતિવાદીએ વાદી કંપનીની લેણી રકમ રૂા.૨૮,૦૩૯.૧૨ પૈ. (અંકે રૂપિયા અઠાવીસ હજાર ઓગણ ચાલીસ અને બાર પૈસા) દાવો દાખલ કર્યા તારીખથી વાર્ષિક ૬% ના સાદા વ્યાજ દરે લેણી રકમ વસુલ થાય ત્યાં સુધી મેળવવા હકકદાર બનતા હોવાનું ઠરાવવામાં આવે છે. તેમજ જો પ્રતિવાદી ઉપરોકત રકમ ચુકવવામાં નિષ્ફળ જાય તો વાદી પ્રતિવાદીની જાત મિલકત તેમજ દરેક પ્રકારની સ્થાવર જંગમ મિલકતમાંથી વસુલ મેળવવા હકકદાર રહેશે.

- ➢ વાદીને દાવામાં થયેલ ખર્ચ પ્રતિવાદીએ ચુકવવો.
- ➢ હુકમ મુજબ હુકમનામું દોરવું.

હુકમ આજ તા.૦૭મી, માહે–ઓગષ્ટ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૦૭/૦૮/૨૦૨૬
મુ.વેરાવળ.

**(પી.યુ.અંધારીયા)**
એડીશ્નલ સિનિયર સિવિલ જજ,
વેરાવળ.
કોડ નં. જીજે૦૧૧૧૯

Nikhila, P.A. (Guj.Steno.)

A.R.Vaghela (Assistant)